# નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

150 YEARS OF CELEBRATING THE MAHATMA

વંચાણમાં :-

૧. કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરનો તા.૧૩/૦૯/૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : ગકવ/૧૬૨૦૧૬/૨૨૪૦/ક.૨

૨. કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૭/૦૬/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક : ગકવ/૧૬૨૦૧૮/૧૩૧૬/ક.૨

૩. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તા.૨૪/૧૦/૨૦૧૯ના પત્ર ક્રમાંક : ન.કૃ.યુ./હિનિ/વહટ/૬૨૦૩/૧૯

## :- પરિપત્ર :-

અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરીઓના અધિકારીશ્રીઓને જણાવવાનું કે, રાજયની કૃષિ યુનિવર્સિટીઓના શૈક્ષણિક/બિનશૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓને સાતમા પગાર પંચની ભલામણો મુજબ સુધારેલ પગાર ધોરણનો લાભ વંચાણે લીધેલ ક્રમ નં.૦૧ના ઠરાવથી તા.૦૧/૦૧/૨૦૧૬ની અસરથી મંજુર કરવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ ક્રમ **નં.૧ અને ૨**ના ઠરાવોની અનુક્રમે શરત નં.૦૭ તથા શરત નં.૦૪માં **"રાજય સરકારના નિર્ણય અનુસાર અધિકારી /કર્મચારીશ્રીઓને મળવાપાત્ર (મોંઘવારી ભથ્થા સિવાય) ભથ્થા વિદ્યમાન છઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે."** તેવું જણાવેલ છે. સદરહું ઠરાવ અન્વયે હાલમાં જે ઘરભાડા ભથ્થું(HRA) **ચૂકવવામાં આવે છે તે છઠા પગાર પંચ મુજબ તા.૦૧/૦૭/૨૦૧૭ના પે બેન્ડ + ગ્રેડ પે = કુલ પગારના ૧૦% લેખે પગાર ચૂકવવામાં આવે છે, જેથી ઠરાવની જોગવાઈ મુજબ છઠા પગાર પંચ મુજબ તા.૦૧/૦૭/૨૦૧૮ અને તા.૦૧/૦૭/૨૦૧૯નો કાલ્પનિક ૩% ઈજાફો છોડી જે પે બેન્ડ + ગ્રેડ પે = કુલ પગાર થાય તેના ૧૦% મુજબ ઘરભાડા ભથ્થુ (HRA) ચૂકવવા અંગેની કાર્યવાહી હાથ ધરવા આથી જણાવવામાં આવે છે.**

વધુમાં સરકારશ્રી તરફથી સાતમા પગાર પંચ અન્વયે ઘરભાડા ભથ્થુ(HRA)ના નવા દર અમલમાં ન આવે ત્યાં સુધી ભવિષ્યમાં જયારે અધિકારી/કર્મચારીશ્રીઓના ઈજાફા મંજુર થાય ત્યારે ઉપર મુજબની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

પ્રસ્તુત, પરિપત્ર હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીની નોંધ ફાઈલ ઉપર માન.કુલપતિશ્રી એ આપેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

**ઈ/ચા કુલસચિવ**
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**જા.ન. નકૃયુ/રજી/એડીએમ-૨/ ૨૨૨૮૮-૨૨૨૩૭ /૨૦૧૯**
**તા. ૦૪/૧૧/૨૦૧૯**

**નકલ સવિનય રવાના:--**

૧. આ યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ અમલ સારુ.
૨. આ યુનિવર્સિટી હસ્તકની તમામ કોલેજો/યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ અમલ સારુ.
૩. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૪. હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહિ સારુ.
૫. વહિવટી-વ-હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૬. હિસાબી અધિકારી કેશ/હિસાબી અધિકારી (પી.એફ./પેન્શન), નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૭. ઓડીટ ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

**નકલ રવાના :-**

૧. અત્રેની કચેરીની તમામ શાખા તરફ જાણ થવા સારુ.